**<u>મે.અમદાવાદ ખાતેના મજુર અદાલતના એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં</u>**
**<u>મુ.અમદાવાદ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૨૩૭૫/૨૦૨૪</u>**
**<u>આંક–૫</u>**

**ફરીયાદી :– સરકાર વતી શ્રી જી.આર.ટાંક**
ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન કચેરી, અમદાવાદ.
નિયામક ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્યની કચેરી, ૩,૪ અને ૫ મો માળ,
શ્રમ ભવન, ખાનપુર,અમદાવાદ.

**– વિ રૂ ઘ્ધ –**

**આરોપીઓ :– (૧) રામેષ્ટ ડેવલોપર્સ (સંસ્થા)**
ઠે. બ્લોક સર્વે નં.૧૪, ટી.પી.નં.૭૬, હાથીજણ–૧, ધર્મકુટીર સામે,
સ્વામિનારાયણ ગુરૂકુળની પાછળ, વટવા,અમદાવાદે

**(૨) શ્રી ઉમેશભાઈ ગોવર્ધનભાઈ પટેલ (એમ્પ્લોયર)**
ઠે. ૬, યોગીરાજ બંગ્લોઝ, ગીરીવર બંગ્લોઝ પાસે, એમ.બી.પટેલની પાસે,
જશોદાનગર, અમદાવાદ.

**ગુન્હો :– ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ ૧૯૯૬ ની કલમ–૪૭ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હા બાબત**

---

**ફરીયાદી તરફે** :–
**આરોપીઓ તરફે** :–જાતે

---

## –: હુ ક મ :–

**(૧)** ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદી ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ–૧૯૯૬ ની કલમ–૪૨ નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામનાં ફરિયાદીએ આરોપી સંસ્થાની બાંધકામની સાઈટની મુલાકાત લેતા, સદરહુ આરોપીઓએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ–૨૦૦૩ **નિયમ–૭૨(૫)** ની જોગવાઈઓનો ભંગ બદલ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ–૧૯૯૬ ની **કલમ–૪૭** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

**(૨)** ઉપરોકત સંદર્ભની ફરિયાદ અત્રેની અદાલતમાં ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતાં સંબંધિત કોર્ટ ઘ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીઓને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

**(૩)**હાલની ફરિયાદ અત્રેની અદાલત ઘ્વારા આ કામનાં આરોપીઓને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી આરોપીઓ જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

**(૪)** હાલનાં કામે તહોમતદારે ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીઓને સમજાવવામાં આવેલ કે તેઓ

ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતાં હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમતદારની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીનાં ઓથોરાઈઝડ પરસન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની તેમનાં ઓથોરાઈઝડ પરસન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતાં, આ કામે તહોમતદાર તે કંપનીનાં જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમનાં ઓથોરાઈઝડ પરસન મારફતે કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયના હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુ ક મ ::--**

(૧)સદર કામે આરોપીઓને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ રૂલ્સ-૨૦૦૩ ના **નિયમ-૭૨(૫)** ના ભંગ બદલ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ-૧૯૯૬ ની **કલમ- ૪૭** હેઠળ તકસીરવાન ઠરાવીને દરેક આરોપીઓને નિયમ ભંગ બદલ રૂા.૨,૦૦૦/- લેખે બે આરોપીઓના મળીને કુલ **રૂા.૪,૦૦૦/- (અંકે રૂપિયા ચાર હજાર પુરા)** નો દંડ, અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)આરોપીઓ દંડની રકમ ભરવાનો કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આ હુકમ આજરોજ તા.૧૪/૧૨/૨૦૨૪ નાં રોજ અત્રેની કોર્ટમાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

**તારીખઃ ૧૪/૧૨/૨૦૨૪.**
**સ્થળ :-અમદાવાદ.**

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રટે,**
**ન્યાયાધીશ, સિનિયર ડીવીઝન,**
**લેબર કોર્ટ,અમદાવાદ.**

NARENDRA PATEL (P.A.)